Letter No: COS/0374/01/2024 Dt: 23-01-2024

ક્રમાંક: COS/SEC/e-file/276/2023/1862/SECONDARY

નિયામકશ્રી શાળાઓની કચેરી,

બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,

પુનીત વનની સામે, સેક્ટર-૧૯

ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૨૧.

**પ્રતિ,**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

જિ. તમામ

**વિષય : પ્રવાસી શિક્ષકોની યોજનાની મુદત પૂર્ણ થવાથી છૂટા કરવા બાબત.**

**સંદર્ભ :** શિક્ષણ વિભાગનાં તા.૨૪/૦૭/૨૦૨૩ નાં ઠરાવ ક્રમાંક:- ED/MIS/e-file/3/2022/0011/G

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, શિક્ષણ વિભાગનાં તા. ૨૪/૦૭/૨૦૨૩નાં ઠરાવથી સને ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષ માટે સરકારી/બિન સરકારી અનુદાનિત માધ્યમિક અન ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વચગાળાની વ્યવસ્થાના ભાગરૂપે તાસદીઠ માનદવેતન(Honorarium Per Period) થી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની જુની પ્રવાસી શિક્ષક યોજનાને વધુમાં વધુ ૬ માસ અથવા જ્ઞાન સહાયક યોજના અંતગર્ત જ્ઞાન સહાયકોની નિમણુંકની પ્રક્રિયા પૂર્ણ થાય તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રાખવાની સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ હતી.

સદર બાબતે જુની પ્રવાસી શિક્ષક યોજનાની મુદત તા. ૨૩/૦૧/૨૦૨૪નાં રોજ ૦૬ માસ પૂર્ણ થતાં હોઈ આપના જિલ્લા હસ્તકની સરકારી/બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં હાલ કાર્યરત પ્રવાસી શિક્ષકોને છૂટા કરવા અંગેની કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવા જણાવવામાં આવે છે. જો ભવિષ્યમાં આપના જિલ્લાની કોઈપણ સરકારી/બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષક કાર્યરત હોવાનું માલૂમ પડશે તો તે અંગે આપની અંગત જવાબદારી નક્કી કરવામાં આવશે તે બાબતની નોંધ લેશો.

**નોંધ પર માન. નિયામકશ્રી(શાળાઓ)ના મળેલ આદેશ અનુસાર**

**નાયબ શિક્ષણ નિયામક**

**(માધ્યમિક)**

**ગુ.રા.ગાંધીનગર**

Signature Not Verified

Signed by:Navnitchandra M. Maheta
Deputy Director
Date: 2024.01.23 13:41:01 +05:30

File No: COS/SEC/e-file/276/2023/1862/SECONDARY

Approved By: Director,SECONDARY,COS

Open the document in Adobe Acrobat DC to verify the E-sign